Extra No. 52

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, JANUARY 22, 2026 / MAGHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૨૦૨૬

નાણા વિભાગનું તારીખઃ ૨૮મી મે, ૨૦૨૫-નું જાહેરનામું ક્રમાંકઃ (જીએચએન-૪૭)/વીએઆર-૨૦૨૫(૫૧)/જીએસટી સેલ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Value Added Tax Rules, 2006

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી
જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી મે, ૨૦૨૫

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક: (જીએચએન-૪૭)/વીએઆર-૨૦૨૫(૫૧)/જીએસટી સેલ:- ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૪)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, નાણા વિભાગના તારીખ: ૨૮મી માર્ચ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક.(જીએચએન-૩૫)/વીએઆર-૨૦૨૫(૫૦)/જીએસટી સેલ. હેઠળ તારીખ: ૨૮મી માર્ચ, ૨૦૨૫-ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ - ૪-બી-માં, પાનાં ૧૨૧-૧-માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતાં;

અને સદરહુ જાહેરનામાના સંદર્ભમાં, કોઈપણ સૂચનો અને વાંધા મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫-ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે સન ૨૦૨૫-ના મે મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૯માં,-

(ક) પેટા-નિયમ (૨)માં, ખંડ (૧)માં, નીચેના પરંતુકો દાખલ કરવા:-

"પરંતુ રજિસ્ટર થયેલા વેપારીએ, અગાઉની કોઈપણ વેરા મુદતો માટે આવું પત્રક (રિટર્ન) રજૂ કર્યું ન હોય, તો તેને તેવી વેરા મુદત માટે, આવું પત્રક રજૂ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ:

વધુમાં, પેટા-નિયમ (૫) હેઠળ પત્રક રજૂ કરવું જરૂરી હોય તેવા રજિસ્ટર થયેલા વેપારીને, પેટા-નિયમ (૫) હેઠળની કોઈપણ મુદત માટે તેણે પત્રક રજૂ કર્યું ન હોય, તો આ નિયમ હેઠળ તેને પત્રક રજૂ કરવાની પવાનગી આપવામાં આવશે નહિ:

વળી, રજિસ્ટર થયેલા વેપારી અથવા રજિસ્ટર થયેલા વેપારીઓના વર્ગે દ્વારા, અગાઉની કોઇ એક અથવા વધુ વેરા મુદતો માટે, પત્રક રજૂ કર્યા ન હોયા અથવા પેટા-નિયમ (૫) હેઠળ નિર્દિષ્ટ કરેલી કોઈ એક અથવા વધુ વેરા મુદતો માટે પત્રકો રજૂ કર્યા ન હોય, તો પણ, સરકાર જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, તેમને આવું પત્રક રજૂ કરવાની પરવાનગી આપી શકશે.";

(ખ) પેટા-નિયમ (૫)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૫)(ક) અનુસૂચિ ૩ના અનુક્રમાંક ૧, ૨, ૪ અથવા ૫-માં જણાવેલા કોઇ માલની તજવીજ કરતા આયાતકાર અથવા ઉત્પાદક અથવા ઓઈલ માર્કેટિંગ કંપની હોય તેવા દરેક રજિસ્ટર થયેલા વેપારીએ, જે મહિના સંબંધિત પત્રક હોય તે મહિનાના અંતથી ત્રીસ દિવસની અંદર, નમૂના ૨૧૨-ક-ની સાથે નમૂના ૨૧૨-માં માસિક પત્રક પણ રજૂ કરવું જોઈશે.

(ખ) અનુસૂચિ ૩ના અનુક્રમાંક ૧, ૨, ૪ અથવા ૫-માં જણાવેલ કોઇ માલની તજવીજ કરતા હોય તેવા ખંડ (ક)માં ઉલ્લેખેલા વેપારી સિવાયના રજિસ્ટર થયેલા દરેક વેપારીએ, જે મહિના સંબંધિત પત્રક હોય તે મહિનાના અંતથી ત્રીસ દિવસની અંદર, નમૂના ૨૧૩માં માસિક પત્રક પણ રજૂ કરવું જોઈશે:

પરંતુ ખંડ (ક)માં ઉલ્લેખેલા, તે જ રજિસ્ટ્રેશન નંબરથી છૂટક દુકાન (રિટેલ આઉટલેટ)ધરાવતા રજિસ્ટર થયેલ વેપારીએ આવું પત્રક પણ રજૂ કરવું જોઈશે.

(ગ) રજિસ્ટર થયેલા વેપારીએ, દ્વારા સદરહુ પેટા-નિયમો હેઠળ અગાઉની કોઈપણ વેરા મુદતો માટે, પત્રક રજૂ કરવામાં આવ્યું ન હોય, તો તેને ખંડ (ક) અથવા ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલી વેરા મુદત માટે, પત્રક રજૂ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ:

પરંતુ રજિસ્ટર થયેલા વેપારીએ અથવા રજિસ્ટર થયેલા વેપારીઓના વર્ગ દ્વારા, અગાઉની કોઈ એક અથવા વધુ વેરા મુદતો માટે, આવાં પત્રકો રજૂ કર્યા ન હોય, તો પણ સરકાર, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, તેમને આવા પત્રકો રજૂ કરવાની પરવાનગી આપી શકશે.".

૩. સદરહુ નિયમોમાં, નમૂના-૨૦૧-કમાં, "ક. રજિસ્ટર્ડ થયેલા વેપારીને માલના કરેલા વેચાણ દર્શાવતી યાદી:" એ શીર્ષક હેઠળના કોષ્ટકને બદલે, નીચેનું કોષ્ટક મૂકવું:-

"કોષ્ટક

અનુ-ક્રમાંક	**વેરા ભરતિયા નંબર.**	**તારીખ**	**જેને માલ વેચ્યો હોય તેવા રજિસ્ટર્ડ થયેલા વેપારીના નામ સહિત આરસી(RC) નંબર**	**વેરાપાત્ર માલના વેચાણનું ટર્નઓવર**						
			(ક)	**(ખ)**						
			(૧) નામ	**(૨) આર.સી. નંબર**	**એચએસએન (HSN) સાથે માલ**	**જથ્થો (લિટરમાં)**	**માલની કિંમત**	**વેરો**	**વધારાનો વેરો**	**કુલ**
૧										
૨										
૩										
કુલ										".

૪. સદરહુ નિયમોમાં, નમૂના- ૨૦૧ ખ- માં, "ક. રજિસ્ટર થયેલા વેપારીઓ પાસેથી માલની ખરીદી દર્શાવતી યાદી:" એ શીર્ષક હેઠળના કોષ્ટકને બદલે નીચેનું કોષ્ટક મૂકવું:-

અનુ-ક્રમાંક	**વેરા ભરતિયા નંબર.**	**તારીખ**	**જેની પાસેથી માલની ખરીદી કરી હોય તેવા રજિસ્ટર થયેલા વેપારીના નામ સહિત આરસી(RC) નંબર**	**વેરાપાત્ર માલની ખરીદીનું ટર્નઓવર**						
			(ક)	**(ખ)**						
			(૧) નામ	**(૨) આર.સી. નંબર**	**એચએસએન (HSN) સાથે માલ**	**જથ્થો (લિટરમાં)**	**માલની કિંમત**	**વેરો**	**વધારાનો વેરો**	**કુલ**
૧										
૨										
૩										
કુલ										".

૫. સદરહુ નિયમોમાં, નમૂનો-૨૧૨ પછી, નીચેનો નમૂનો દાખલ કરવો:-

"નમૂનો-૨૧૨ ક

(જુઓ નિયમ ૧૯(૫))

.....ના મહિના માટે દૈનિક આરએસપી (RSP)ની વિગતો

રજિસ્ટ્રેશન નં.:.....

વેપારી (ડીલર)નું નામ:.....

અનુ-ક્રમાંક	ખરીદનાર વેપારીનું નામ	ખરીદનાર વેપારીનો વૅટ ટીન (VAT TIN)	તારીખવાર છૂટક વેચાણ કિંમત (RSP)ની વિગતો											
			તારીખ/મહિનો/વર્ષ				-				તારીખ/મહિનો/વર્ષ			
			બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)	બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ)					બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)	બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ)
														".

૬. સદરહુ નિયમોમાં, વિદ્યમાન નમૂનો-૨૧૩ને બદલે, નીચેનો નમૂનો મૂકવો:-

"નમૂનો-૨૧૩

(જુઓ નિયમ ૧૯(૫))

.....ના મહિના માટે દૈનિક હિસાબ (એકાઉન્ટ)ની વિગતો

રજિસ્ટ્રેશન નં.:.....

વેપારી (ડીલર)નું નામ:.....

[૧] બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું):-

કોષ્ટક

તારીખ	ઊઘડતો સ્ટોક જથ્થામાં (લિટર)	ખરીદી			તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા મેળવેલ લાભ (જથ્થો લિટરમાં)	કોલમ [(૨)+(૩)+(૬)]નો કુલ સરવાળો	સંગ્રહ અથવા પરિવહનમાં અથવા લિકેજ, બાષ્પીભવન, તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા થયેલ નુકસાન (જથ્થો લિટરમાં)	વેચાણ				આગળ ખેંચેલો સ્ટોક જથ્થામાં (લિટર) [(૭)-(૮)-(૯)]
		જથ્થો (લિટર)	(વેરા સહિત) કુલ ભરતિયા કિંમત	વેટ (VAT)ની રકમ				જથ્થો (લિટર)	છૂટક વેચાણ કિંમત (RSP)	કુલ કિંમત	આઉટપુટ વેરા (ચૂકવવાપાત્ર કુલ વેટ)	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)
કુલ												

[૨] બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું):-

કોષ્ટક

તારીખ	ઊઘડતો સ્ટોક જથ્થામાં (લિટર)	ખરીદી			તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા મેળવેલ લાભ (જથ્થો લિટરમાં)	કોલમ [(૨) +(૩) +(૬)]નો કુલ સરવાળો	સંગ્રહ અથવા પરિવહનમાં અથવા લિકેજ, બાષ્પીભવન, તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા થયેલ નુકસાન (જથ્થો લિટરમાં)	વેચાણ				આગળ ખેંચેલો સ્ટોક જથ્થામાં (લિટર) [(૭)-(૮)-(૯)]
		જથ્થો (લિટર)	(વેરા સહિત) કુલ ભરતિયા કિંમત	વેટ (VAT)ની રકમ				જથ્થો (લિટર)	છૂટક વેચાણ કિંમત (RSP)	કુલ કિંમત	આઉટપુટ વેરા (ચૂકવવાપાત્ર કુલ વેટ)	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)
કુલ												

[૩] હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું):-

કોષ્ટક

તારીખ	ઊઘડતો સ્ટોક જથ્થામાં (લિટર)	ખરીદી			તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા મેળવેલ લાભ (જથ્થો લિટરમાં)	કોલમ [(૨) +(૩) +(૬)]નો કુલ સરવાળો	સંગ્રહ અથવા પરિવહનમાં અથવા લિકેજ, બાષ્પીભવન, તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા થયેલ નુકસાન (જથ્થો લિટરમાં)	વેચાણ				આગળ ખેંચેલો સ્ટોક જથ્થામાં (લિટર) [(૭)-(૮)-(૯)]
		જથ્થો (લિટર)	(વેરા સહિત) કુલ ભરતિયા કિંમત	વેટ (VAT)ની રકમ				જથ્થો (લિટર)	છૂટક વેચાણ કિંમત (RSP)	કુલ કિંમત	આઉટપુટ વેરા (ચૂકવવાપાત્ર કુલ વેટ)	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)
કુલ												

[૪] હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ):-

કોષ્ટક

તારીખ	ઊઘડતો સ્ટોક જથ્થામાં (લિટર)	ખરીદી			તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા મેળવેલ લાભ (જથ્થો લિટરમાં)	કોલમ [(૨)+(૩)+(૬)]નો કુલ સરવાળો	સંગ્રહ અથવા પરિવહનમાં અથવા લિકેજ, બાષ્પીભવન, તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા થયેલ નુકસાન (જથ્થો લિટરમાં)	વેચાણ				આગળ ખેંચેલો સ્ટોક જથ્થામાં (લિટર) [(૭)-(૮)-(૯)]
		જથ્થો (લિટર)	(વેરા સહિત) કુલ ભરતિયા કિંમત	વેટ (VAT)ની રકમ				જથ્થો (લિટર)	છૂટક વેચાણ કિંમત (RSP)	કુલ કિંમત	આઉટપુટ વેરા (ચૂકવવાપાત્ર કુલ વેટ)	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)
કુલ												

[૫] વેરા ચુકવણીની વિગતો:-

(ક)	આઉટપુટ વેરો			
	અનુક્રમાંક	મોટર સ્પિરિટ	રકમ (રૂ.)	રકમ (રૂ.)
	(૧)	બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)		
	(૨)	બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)		
	(૩)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું)		
	(૪)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ)		
	ચૂકવવાપાત્ર કુલ વેરા (ક)			
(ખ)	વેરા શાખ			
	પાછલી વેરા મુદતમાંથી આગળ ખેંચેલ વેરા શાખ			
	(૧)	બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)		
	(૨)	બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)		
	(૩)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું)		
	(૪)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ)		
	કુલ આઈટીસી (ITC)			

(ક)	**આઉટપુટ વેરો**			
	અનુક્રમાંક	**મોટર સ્પિરિટ**	**રકમ (રૂ.)**	**રકમ (રૂ.)**
	બાદ: ઘટાડો, કોઇ હોય તો તે			
	ચોખ્ખી આઇટીસી (ITC) (ખ)			
(ગ)	ચૂકવવાપાત્ર ચોખ્ખો વેરો (ક)-(ખ)			
(ઘ)	ચૂકવેલો વેરો			
(ચ)	સિલક [(ગ)-(ઘ)]			

નોંધ:

અનુક્રમાંક [૧] થી [૪]માં ઉલ્લેખેલી વિગતો, સંબંધિત મહિનાના તમામ દિવસો માટે પૂરી પાડવાની રહેશે. તેમ છતાં, અનુક્રમાંક [૫]માં ઉલ્લેખેલી વિગતો, મહિના દીઠ એકત્રિત સ્વરૂપે પૂરી પાડવાની રહેશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. નિસર્ગ જોષી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.02.19 17:03:00 IST